©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] TUESDAY, 11th NOVEMBER, 2025/KARTIKA 20, 1947 [No. 7493

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

ડીસા વિસ્તાર વિકાસ સત્તા મંડળ

(ડીસા નગર પાલિકા)

અધિસુચન

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (રાજપુર)

નં. ન.પા.ટી.પી./વશી ૭૪૫/સને ૨૦૨૫-૨૬.-ડીસા વિસ્તાર વિકાસ સત્તામંડળે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ ની પેટા કલમ-(૧) અન્વયે ડીસા વિસ્તાર વિકાસ સત્તામંડળની તા. ૧૫-૦૩-૨૦૨૫ ની બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક.૨૨૫ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (રાજપુર)નો ઈરાદો જાહેર કરેલ હતો. ત્યારબાદ ઉકત અધિનિયમની જોગવાઈ અનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ના નિયમ ૧૭ પ્રમાણે સદર મુસદ્દારૂપ નગર રચના યોજનાની કામચલાઉ દરખાસ્તો તૈયાર કરી તેની સમજુતી આપવા માટે યોજના વિસ્તારના તમામ જમીન માલિકો/હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓની જાહેરસભા તા.૦૩-૧૧-૨૦૨૫ ના રોજ ડીસા નગરપાલિકા, ઈન્દિરા ગાંધી ભવન, બગીચા સર્કલ પાસે, ડીસા, ખાતે સવારે ૧૧-૩૦ થી ૧૩-૩૦ કલાકે રાખવામાં આવેલ હતી અને તે દિવસે સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજનાની કામચલાઉ દરખાસ્તો અંગેનું સાહિત્ય જોવા સારૂ રાખવામા આવેલ હતું અને તે અંગે સમજુતી આપવામાં આવેલ હતી. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨ અન્વયે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ નિયમ-૧૮ ની જોગવાઈઓ અન્વયે યોજનાનો મુસદ્દો લોકોના વાંધા/સુચનો મેળવવા સારૂ આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓ કે જમીન માલિકોએ પોતાના વાંધા/સુચનો લેખિતમાં (ચાર નકલમાં) મુખ્ય અધિકારી, ડીસા વિસ્તાર વિકાસ સત્તામંડળ, ડીસાની કચેરીમાં આપશો તો તે વાંધા સુચનો ગુણવત્તાના ધોરણે ધ્યાને લઈ; ઉપરોકત યોજનાના મુસદ્દામાં જરૂર જણાય તો યોગ્ય તે ફેરફાર કરી, યોજનાને કાયદાની કલમ-૪૮ અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવશે.

સદર યોજનાનું સાહિત્ય જાહેર જનતાને જોવા સારૂ ડીસા વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં કામકાજના દિવસો દરમ્યાન કચેરી સમયમાં ખુલ્લું રાખવામાં આવેલ છે, તેમજ સદર યોજનાની દરખાસ્તો સમજાવવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

ક્રમાંક: ન.પા./ટી.પી./વશી/૭૪૫ સને ૨૦૨૫-૨૬

તા. ૦૪-૧૧-૨૦૨૫

સહી/- અવાચ્ય
મુખ્ય અધિકારી
ડીસા વિસ્તાર વિકાસ સત્તા મંડળ

સરનામું :

ડીસા વિસ્તાર વિકાસ સત્તા મંડળ,
ઇન્દિરા ગાંધી ભુવન, બગીચા સર્કલ પાસે,
ડીસા-૩૮૫૫૩

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.12 08:49:27 IST